Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# -: <u>પરિપત્ર</u> :-

કોરોના (Covid-19) ની વૈશ્વિક મહામારીને કારણે ઉદ્ભવેલ પરિસ્થિતિ અંતગર્ત પોસ્ટલોકડાઉનમાં યુનિવર્સિટી/કોલેજો રી–ઓપન કરવા બાબતે ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગના તા. ૦૪/૦૨/૨૦૨૧ ના આ સાથે સામેલ ઠરાવ ક્રમાંક : કરન / ૧૦૨૦૨૦ / ૦૬૦૫૨૦૨૦ / ખ–૧ અવલોકને લઈ તેનો અમલ કરવો.

બિડાણ : ઉપર મુજબ

ક્રમાંક : એકે./પરિપત્ર/૧૮૨૫/૨૦૨૧
તા. ૦૪/૦૨/૨૦૨૧

ઈ.ચા.કુલસચિવ

પ્રતિ,

(૧) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ,
(૨) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વિવિધ વિભાગોના વડાશ્રીઓ તથા યુનિવર્સિટી પરિસર ખાતેના સ્વનિર્ભર અભ્યાસક્રમના કો–ઓર્ડિનેટરશ્રીઓ.
(૩) યુનિવર્સિટી હોસ્ટેલના વોર્ડનશ્રીઓ.

– તરફ જાણ તથા જરૂરી અમલ કરવા સારુ.

કોરોના (Covid-19)ની વૈશ્વિક મહામારીને કારણે ઉદભવેલ પરિસ્થિતિ અંતર્ગત પોસ્ટલોકડાઉનમાં યુનિવર્સિટીઓ/કોલેજો રી-ઓપન કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ કરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ-૧
સચિવાલય, ગાંધીનગર.
તા:૦૪/૦૨/૨૦૨૧

વંચાણે લીધા :

(૧) શિક્ષણ વિભાગનો તા:૦૭/૦૧/૨૦૨૧નો સમાનાંકી ઠરાવ

(૨) શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારની ઉચ્ચ શિક્ષણના વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ રી-ઓપન કરવાની માર્ગદર્શિકા

(૩) તા:૨૮/૦૧/૨૦૨૧ના રોજ કમિશનરશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણની અધ્યક્ષતામાં યોજાયેલ બેઠકની કાર્યવાહી નોંધ.

**આમુખ:**

રાજ્યમાં નોવેલ કોરોના વાઇરસના સંક્રમણને લીધે ઉદભવેલ પરિસ્થિતિમાં શિક્ષણ અને વિદ્યાર્થીઓના હિતમાં વિભાગ હેઠળની સર્વે યુનિવર્સિટીઓ/કોલેજોના શૈક્ષણિક કાર્યો માટે વખતો વખત માર્ગદર્શક સુચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી.

ઉક્ત સુચનાઓ પૈકી વંચાણે લીધેલ ક્રમ (૧)માં દર્શિત પત્રથી શિક્ષણ વિભાગ દ્વારા યુનિવર્સિટીઓ/કોલેજોને રી-ઓપન કરવા માર્ગદર્શિકા બહાર પાડવામાં આવેલ હતી. જે અંતર્ગત પ્રથમ તબક્કામાં તમામ પી.જી., પીએચ.ડી., એમ.ફિલ., વગેરે અભ્યાસક્રમો, મેડીકલ/પેરામેડીકલના તમામ તથા અન્ય સ્નાતક અભ્યાસક્રમ (ટેકનિકલ તથા નોન ટેકનિકલ તમામ)ના ફક્ત ફાઈનલ ઈયર(આખરી વર્ષ)ના તમામ વિદ્યાર્થીઓને ભૌતિક રીતે તા:૧૧/૦૧/૨૦૨૧થી શિક્ષણ આપવામાં આવશે અને અન્ય વર્ગોમાં ઓન-લાઇન અભ્યાસ ચાલું રહેશે તેમ ઠરાવવામાં આવેલ.

ઉક્ત સંદર્ભ (૧)ના ઠરાવથી કોલેજના આખરી વર્ષના વિદ્યાર્થીઓ માટે શરૂ કરવામાં આવેલ વર્ગ-ખંડ (ભૌતિક) શિક્ષણની જેમ જ કોલેજના દરેક વર્ષના વિદ્યાર્થીઓને ભારત સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ S.O.P. ને અનુસરીને વર્ગ ખંડ (ભૌતિક શિક્ષણ) શરૂ કરવા માટેની સંભાવનાઓ ચકાસવા તા:૨૮/૦૧/૨૦૨૧ના રોજ કમિશનરશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણની અધ્યક્ષતામાં એક બેઠકનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં

વિશદ ચર્ચા-વિચારણાને અંતે સમિતિએ હાલ કોલેજોના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને વર્ગ ખંડ (ભૌતિક) શિક્ષણ શરૂ કરવા અભિપ્રાય આપેલ છે. સમિતિના ઉક્ત અભિપ્રાય મુજબ પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને વર્ગ ખંડ (ભૌતિક) શિક્ષણ શરૂ કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

સરકારશ્રી દ્વારા પુખ્ત વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે, તા.૦૮/૦૨/૨૦૨૧થી કોલેજના પ્રથમ વર્ષના અભ્યાસક્રમો માટે કોલેજોના શૈક્ષણિક કાર્યો ભૌતિક રીતે શરૂ કરવાના રહેશે.

૨. કોલેજોમાં બે વિદ્યાર્થીઓ વચ્ચે Safe Social Distance નું પાલન કરીને વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા Zig-Zag/Staggered Mannerમાં ગોઠવવાની રહેશે.

૩. તમામ સમરસ હોસ્ટેલ કે જે અગાઉ Covid-19 અને Asymptomatic Covid-19 ડેઝીગ્નેટ સેંટર તરીકે રૂપાંતરીત કરવામાં આવેલ, પરંતુ Covid-19ના પોઝીટીવ કેસોમાં નોંધપાત્ર ઘટાડો થતા સમરસ હોસ્ટેલ હાલ લગભગ ખાલી હોવાથી સમરસ હોસ્ટેલ સહિતની તમામ હોસ્ટેલના એક રૂમમાં વધુમાં વધુ બે વિદ્યાર્થીઓને રહેવાની વ્યવસ્થા કરવાની રહેશે તથા હોસ્ટેલ રી-ઓપન માટે સંદર્ભ (૨)માં દર્શિત માર્ગદર્શિકા કે જે આ સાથે સામેલ છે, તેનું પાલન કરવાનું રહેશે.

૪. ઉચ્ચ શિક્ષણ સંસ્થાના શૈક્ષણિક-બિન શૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓએ રાજ્ય સરકાર દ્વારા વખતો વખત બહાર પાડવામા આવેલ S.O.P.નું પાલન કરવાનું રહેશે.

૫. આ ઠરાવ શિક્ષણ વિભાગ હેઠળની તમામ સરકારી/ખાનગી યુનિવર્સિટી તેમજ સરકારી/બિનસરકારી અનુદાનિત/ખાનગી કોલેજોને લાગુ થશે.

૬. આ ઠરાવ વિભાગની સમાનાંકી ફાઇલ પર સરકારશ્રીની તા:૦૧/૦૨/૨૦૨૧થી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મનોજ વાઘ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

બિડાણ:- ઉપર મુજબ

પ્રતિ,

-નામદાર રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્ર મારફત)
-માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

-માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-માન. મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-માન. રા.ક.મંત્રીશ્રી(ઉ.શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-અગ્રસચિવશ્રી (શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-અગ્રસચિવશ્રી (આ.પ.ક.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, સચિવાલય, ગાંધીનગર.
-કમિશનરશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, કર્મયોગી ભવન, ગાંધીનગર.
-વાઈસ ચાન્સેલરશ્રીઓ, તમામ સરકારી યુનિવર્સિટીઓ (ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની
-કચેરી મારફત/ઉચ્ચ શિક્ષણ ટેકનિકલની કચેરી મારફત)
-સરકારી/બિનસરકારી અનુદાનિત/ખાનગી કોલેજો અને ખાનગી યુનિવર્સિટીઓ (ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી/ઉચ્ચ શિક્ષણ ટેકનિકલની કચેરી મારફત)
-સિલેક્ટ ફાઈલ

# Education Department, Government of Gujarat

# ઉચ્ચ શિક્ષણના વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ ફરીથી શરૂ કરવા માટે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસીજર (SOP)

## પ્રસ્તાવના:

નોવેલ કોરોના વાયરસના રોગચાળાએ સમગ્ર વિશ્વમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રને નોંધપાત્ર રીતે વિક્ષેપિત કર્યું છે તે બાબતથી આપણે બધા સારી રીતે વાકેફ છીએ. આ વાયરસના ફેલાવાને નિયંત્રિત કરવાના પગલા તરીકે દેશભરની રાજ્ય સરકારોએ શાળાઓ અને કોલેજોને અસ્થાયી રૂપે બંધ કરવામાં આવેલ હતી.

ભારત સરકાર દ્વારા સમયાંતરે રોગચાળા સામે સાવચેતી રાખવા વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર પણ સાવચેતીના ભાગ રૂપે શિક્ષણ પૂરૂ પાડવા માટેની વૈકલ્પિક પદ્ધતિઓના અમલ માટે સક્રિય રીતે કાર્યરત છે.

આ સમયમાં કટોકટીને સંચાલિત કરવા અને સ્થિતિસ્થાપક શિક્ષણ પ્રણાલી બનાવવા માટે એક વ્યૂહરચના આવશ્યક છે. આ કટોકટીના સમયમાં ક્ષમતા-નિર્માણ માટે સમજપૂર્વકની શૈક્ષણિક પ્રથા જરૂરી છે. શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર રાજ્યભરમાં સારી અને અસરકારક શૈક્ષણિક પ્રથાના અમલીકરણ કરવા માટે દરેક પ્રકારના પગલા લેવા પ્રતિબદ્ધ છે. તેથી, ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા પૂરી પાડવામાં આવેલી હોસ્ટેલ સવલતોના ઉપયોગ માટે પ્રમાણભૂત ઓપરેશનલ માર્ગદર્શિકા (SOP) બનાવવા અને તેનું કડક પાલન કરવામાં આવે તે ખાસ જરૂરી છે.

## હેતુ:

ઉચ્ચ શિક્ષણ કોલેજો /સંસ્થાઓ શરૂ કરવામાં આવેલ છે. જેના સંદર્ભમાં આગામી સમયમાં હોસ્ટેલને પણ શરૂ કરવાની થાય છે. આથી હોસ્ટેલ શરૂ કરવા માટે કોલેજો/સંસ્થાઓ એ અનુસરવાની થતી પ્રક્રિયા નક્કી કરવાના હેતુથી આ સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસીજર (SOP) બનાવવામાં આવી છે.

આ SOP નું પાલન કરીને, તમામ દ્વારા કોરોના વાયરસના સંક્રમણને અટકાવવામાં આવશે અને તેથી હોસ્ટેલમાં નિયમિત પ્રવૃત્તિઓ ફરીથી શરૂ કરી શકાશે. હોસ્ટેલ ખાતે તમામ સાવચેતીનાં પગલાં સુનિશ્ચિત કરવાનાં છે. વિદ્યાર્થીઓ અને અન્ય કર્મચારીઓ હોસ્ટેલની સુવિધાના ઉપયોગ સમયે સુરક્ષિત અને સલામત રહે તે ઇચ્છનીય છે.

હાલના સંજોગોમાં, હોસ્ટેલમાં વિદ્યાર્થીઓ અને અન્ય કાર્યકારી કર્મચારીઓની આરોગ્ય અને સલામતીની ખાતરી કરવાની સરકારની પ્રાથમિકતા છે.

## હોસ્ટેલ ફરીથી ખોલતા પહેલાના જરૂરી પગલા:

### a. હોસ્ટેલ:

- કોવિડની તકેદારીના પગલા સ્વરૂપે વિદ્યાર્થીઓને હાથની સ્વચ્છતા, સામાજિક અંતર, અને તંદુરસ્ત રહેવા માટે જરૂરી ફેરફારો સાથે જીવન જીવવા અને કાર્ય કરવા માટે અનુકૂળ થવું પડશે.
- હોસ્ટેલમાં એક ઓરડામાં બે થી વધારે વિદ્યાર્થીઓને સાથે રહેવાની મંજૂરી આપવાની રહેશે નહી. કોવિડના લક્ષણો ધરાવતા વિદ્યાર્થીઓને કોઈ પણ સંજોગોમાં હોસ્ટેલમાં પ્રવેશ કે રહેવાની મંજૂરી આપી શકાશે નહીં.
- હોસ્ટેલમાં રહેતા તમામ વિદ્યાર્થીઓનું થર્મલ સ્ક્રિનિંગ સુનિશ્ચિત થવું જોઈએ.
- જમવાના રૂમમાં/કિચનમાં પૂરેપૂરી સ્વચ્છતા જાળવવાની રહેશે. વધારે ભીડને ટાળીને, નાના સમૂહોમાં ભોજન પીરસવું જોઇશે. વિદ્યાર્થીઓ અને સ્ટાફ માટે રૂમમાં ભોજનની વ્યવસ્થા સરળ અને વિના વિલંબે ઉપલબ્ધ થઈ શકે તે રીતે ગોઠવણ કરવાની રહેશે.
- હોસ્ટેલના કેમ્પસમાં કોઈ ભીડ ન થાય તે રીતે આયોજન કરવાનું રહેશે અને તે માટે વિદ્યાર્થીઓની સંખ્યાને યોગ્ય રીતે મર્યાદિત કરવાની રહેશે. આ માટે વિદ્યાર્થીઓને તબક્કાવાર બોલાવવાના રહેશે.
- વિદ્યાર્થીઓ હોસ્ટેલ કેમ્પસમાં સ્વયં-શિસ્ત અને કોવિડ સંબંધિત કાળજીભર્યા વર્તનનું પાલન કરે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓએ નીચેની સુચનાઓનું પાલન કરવું જોઈએ:
    - નિયમિત અને યોગ્ય રીતે હાથની સ્વચ્છતા જાળવવી
    - સામાજિક અંતરજાળવવું
    - આંખ, નાક અને મોંને સ્પર્શ કરવાનું ટાળવું
    - હંમેશા ફેસ માસ્ક પહેરવું.
- સંસ્થાએ હોસ્ટેલના દરેક ફ્લોર પર સેનીટાઇઝર આપવાના રહેશે, વિદ્યાર્થીઓ/સ્ટાફ સાથે વસ્તુઓની આપ-લે કર્યા પછી, દિવાલો, દરવાજા, દરવાજાના હેન્ડલ, સીડીની રેલીંગ, સ્વીચો, વગેરે જેવી સપાટીઓને સ્પર્શ કર્યા પછી સેનીટાઇઝરનો ઉપયોગ કરવો હિતાવહ છે.

- હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓ અને કર્મચારીઓએ બજારની મુલાકાત લેવી ટાળવી અથવા મર્યાદિત કરવી જોઈએ. શક્ય હોય ત્યાં સુધી, આવશ્યક વસ્તુઓ કેમ્પસમાં ઉપલબ્ધ કરાવી આપવી જોઈએ.
- સામાજિક અંતરમાં અન્ય વિદ્યાર્થીઓ/મિત્રો સાથે હાથ ન મેળવવાનો પણ સમાવેશ થાય છે. તેથી ઓછામાં ઓછું ૧ મીટર (૩ ફૂટ) નું અંતર જાળવવું હિતાવહ છે.
- ઉધરસ કે છીંક આવે ત્યારે પોતે અને અન્ય આસપાસના વ્યક્તિઓ સુરક્ષિત રહે તે માટે માસ્કથી મોં અને નાકને ઢાંકવા.
- વિદ્યાર્થીઓને અન્યો સાથે કપ, ખાવા-પીવાના વાસણો કે ખાવાપીવાની કોઈ પણ ચીજવસ્તુઓની આપ લે પર પ્રતિબંધ રાખવો.
- વિદ્યાર્થીઓને વખતો વખત દરવાજાની સાથે સાથે કાચની બારીઓ ખુલ્લી રાખીને રૂમમાં યોગ્ય વેન્ટિલેશન અને હવાની અવરજવર જાળવવા માટે પ્રોત્સાહિત કરવાના રહેશે.
- દરેક વિદ્યાર્થીઓએ પોતાના સાબુ, સેનીટાઇઝર અને અન્યવસ્તુઓ/પદાર્થોનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરવા જોઈએ, અને આવી સામગ્રીની આપલે કરવાનું ટાળવું જોઈએ.
- એસાઇનમેંટ, અધ્યયન વગેરેનીગ્રુપ અધ્યયન પ્રવૃત્તિઓ/શૈક્ષણિક કાર્યો માટે ગૂગલ મીટ, માઇક્રોસોફ્ટ ટીમ્સ વગેરે જેવા મીટિંગ સોફ્ટવેરનો ઉપયોગ કરવા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાના રહેશે. વિદ્યાર્થીઓને આવા કાર્ય માટે ગ્રુપમાં મળવાનું ટાળવું. કોઈ પણ સંજોગોમાં પ્રત્યક્ષ ગ્રુપ અધ્યયન/પ્રવૃત્તિઓનો ઉપયોગ કરવો નહી.

### ❖ હોસ્ટેલના રૂમમાં:

- બે કે તેથી વધુ ક્ષમતા ધરાવતા કોઇ પણ રૂમમાં બે કરતા વધારે વિદ્યાર્થીઓ ન હોવા જોઈએ, સાથે રહેતા વિદ્યાર્થીઓએ સામાજિક અંતર જાળવવાનું રહેશે.
- કોવિડથી સાવચેતીના ભાગ રૂપે સ્વ-શિસ્તની બાબત તરીકે વોશરૂમનો ઉપયોગ કરતી વખતે પણ સામાજિક અંતરનાં ધોરણોનું પાલન કરે તે અપેક્ષિત છે.

### ❖ સામાન્ય જગ્યાઓ:

- કોરિડોરમાં સામાજિક અંતર જાળવવું જોઇએ, કોઈ વિદ્યાર્થીઓના મેળાવડાની મંજૂરી આપી શકાશે નહી.
- વોશરૂમમાં વિદ્યાર્થીઓએ ભીડ ન કરવી. તેઓએ સામાજિક અંતર સાથે વોશરૂમના ઉપયોગ સમયે લાઈન બનાવવી જોઈએ.

- હોસ્ટેલ બિલ્ડીંગના કોઈપણ ભાગમાં ભેગા થવાની મંજૂરી નથી અને વિદ્યાર્થીઓએ ગ્રુપમાં મળવાનું ટાળવું જોઈએ. તેઓએ સામાજિક અંતર જાળવવું જોઈએ.
- હોસ્ટેલની બહાર અને હોસ્ટેલના બગીચામાં. વિદ્યાર્થીઓએ ભેગા થવાનું અથવા ગ્રુપમાં બેસવાનું ટાળવું જોઈએ.
- યોગ્ય સામાજિક અંતર અને માસ્ક પહેરેલું હોવા છતાં પણ ૩-૪ થી વધુ વ્યક્તિઓને સાથે બેસવાની મંજૂરી આપવી નહીં.
- તમામ પ્રકારની રમતો કે જેમાં શારીરિક સ્પર્શ થઇ શકે તેવી રમતોને રમવાની મંજૂરી નથી, કેમ્પસમાં જિમ સુવિધા પણ બંધ રહેશે.

**b. હોસ્ટેલ કેન્ટીન/ મેસ:**

- ભોજનાલયમાં સંપૂર્ણ કોવીડ-૧૯ નિયમોના પાલનની ખાતરી કરવા માટે સ્લોટ-આધારિત કૂપન સિસ્ટમ દાખલ કરવું હિતાવહ છે.
- ભોજનાલયના હોલમાં અને રસોઈઘરમાં ફરજ પરના કર્મચારીઓને દરરોજ તેમની ફરજ શરૂ કરતા પહેલા આરોગ્યની સ્થિતિ માટે તપાસવામાં આવશે અને ફરજ દરમિયાન ફેસ-માસ્ક, હેડકવર અને હેન્ડ ગ્લોવ્ઝ ફરજિયાત રાખવાના રહેશે. ભોજનાલયનો સ્ટાફ પણ સામાજિક અંતરનું પાલન કરવા બંધાયેલ છે.
- હાથ ધોવા માટે જરૂરી સાબુ અને સેનિટાઇઝર પૂરા પાડવાના રહેશે અને નિરીક્ષણ સુનિશ્ચિત કરવા માટે સુપરવાઇઝર રાખવા. હાથમોજા પહેર્યા હોય છતાં પણ હાથની સ્વચ્છતા આવશ્યક છે.
- સપાટીઓ અને ફ્લોરની સફાઈ માટે ફુડ ગ્રેડ ડીસઈનફેક્ટસનો ઉપયોગ કરવો. શાકભાજી કે અન્ય ખાદ્ય પદાર્થોને ધોવા માટે કોઈ બ્લીચ, વોશિંગ સોડા, ડીટરજન્ટ પાવડરનો ઉપયોગ ન કરવો. તાજા શાકભાજી અને અન્ય ખાદ્ય પદાર્થોને કાપતા પહેલા ગરમ પાણીથી ધોવાના રહેશે.
- વિદ્યાર્થીઓને સ્વ-શિસ્તતા રાખવા અને જમવા માટે ડાઇનિંગ હોલની અંદર ભીડ કરવાનું ટાળવા પ્રોત્સાહન આપવું.
- વારંવાર ઉપયોગમાં લેવાતા વોટરરૂમના પોઇંટ્સ અત્યંત સંવેદનશીલ હોવાથી તેને સ્પર્શ કરતા પહેલા અથવા પછી હાથની સ્વચ્છતામાં સાવચેતી રાખવી જરૂરી છે. હાથ દ્વારા ઓછામાં ઓછું સ્પર્શ થાય એ સુનિશ્ચિત કરવા માટે યોગ્ય વ્યવસ્થા કરવી.
- માસ્ક, સોશિયલ ડીસટન્સ અને લાઈન પ્રણાલીનું યોગ્ય રીતે પાલન કરવું.

- ➢ સોશિયલ ડીસટન્સની આવશ્યકતાને ધ્યાનમાં રાખીને, ડાઇનિંગ હોલ, કોમન ઓરડાઓ, રમત-ગમતના એરીયામાં ભીડ ના થાય તેવી વ્યવસ્થા કરવી.
- ➢ રસોડા, ડાઇનિંગ હોલ, બાથરૂમ અને શૌચાલયો વગેરેમાં સ્વચ્છતાની સ્થિતિનું નિયમિત નિરીક્ષણ કરવું જોઈએ.
- ➢ વાસણો યોગ્ય રીતે સાફ થાય તે જોવાનું રહેશે.
- ➢ તાજુ ભોજન રાંધવામાં આવે તે સુનિશ્ચિત કરવું આવશ્યક છે તેથી એક સીનીયર કર્મચારીએ તેનું મોનિટરીંગ કરવાનું રહેશે.

## c. સામાન્ય આરોગ્ય અને સ્વચ્છતા નિરીક્ષણ:

I. **આરોગ્ય તપાસ:** ગેટ દ્વારા પ્રવેશતા તમામ વ્યક્તિઓનું ફરજિયા તથા થર્મલ સ્કેનર દ્વારા સ્ક્રિનિંગ કરવું અને પ્રવેશ પછી લોકોએ કાર્યસ્થળ પર જતા પહેલાં તેમના હાથને સેનીટાઇઝ કરવા.

II. **શંકાસ્પદ કેસોની જાણ કરવી:** તાવ અને ઉધરસ અને શ્વાસની તકલીફ ધરાવતા કોઈ પણ વ્યક્તિનો પ્રવેશ અટકાવવો, આવા કિસ્સાઓમાં સંબંધિત વિભાગને જાણ કરવી ફરજિયાત રહેશે. આવા વ્યક્તિને તરત જ નજીકની ક્વોરેન્ટાઇન સુવિધા ખાતે અથવા નજીકની કોવિડ હોસ્પિટલમાં લઇ જવાના રહેશે.

III. **સામાન્ય વાસણો અને ઉપયોગ:** દરેકને પોતાની પાણીની બોટલ લાવવા અને જનરલ પાણીની બોટલ/મગ/ગ્લાસનો ઉપયોગ ટાળવા પ્રોત્સાહિત કરવા.

IV. કચરાના સંગ્રહ અને નિકાલ માટે યોગ્ય કાળજી રાખવી, દરેકને કેમ્પસની આજુબાજુ રાખવામાં આવેલા કચરાના ડબ્બામાં ટીશ્યુ, કાગળના નેપકિન્સ, વગેરે કચરાનો નિકાલ કરવા માટે પ્રોત્સાહિત કરવા. દૈનિક સંગ્રહ અને કચરાના નિકાલ માટે હાઉસકીપિંગ દ્વારા સલામત નિકાલ માટેની માર્ગદર્શિકાનું પાલન કરવાનું રહેશે.

V. દરેક સંસ્થાએ નિયમિતપણે તેના વિદ્યાર્થીઓ, સ્ટાફ અને કર્મચારીઓના આરોગ્યની દેખરેખ રાખવી જોઈએ.

VI. સ્ટાફ અને વિદ્યાર્થીઓએ પણ તેમના સ્વાસ્થ્યની સ્વ-દેખરેખ રાખવા માટે તકેદારી લેવી.

VII. કોઈ સ્ટાફ અને વિદ્યાર્થીને અથવા તેમના કુટુંબના સભ્યોમાંથી કોઈને ચેપ લાગ્યો હોય/ કોવીડ -19 ની સારવાર મળી હોય તે સ્વેચ્છાએ કહેવું જોઈએ.

## d. હોસ્ટેલમાં કામ કરતા કર્મચારીઓ (મેસ અને ડાઇનિંગ રૂમ)

- મેસ કર્મચારીઓને સમયાન્તરે કોવિડથી સાવચેતી અંગે તાલીમ આપવાની રહેશે અને યુનિવર્સિટી/કોલેજ દ્વારા તેમના પાલન માટે દરેક સમયે દેખરેખ રાખવામાં આવશે. રસોઈઘર, જમવાની જગ્યા તથા આજુબાજુના વિભાગોમાં કોવીડ-૧૯ અંગે જાગૃતિના પોસ્ટરો દર્શાવવાના રહેશ તથા દરેક કર્મચારીઓએ ફરજીયાત માસ્ક પહેરવાનું અને સેનેટાઇઝેશન કરવાનું રહેશે.
- માંદગી / આરોગ્યના કોઈ પણ લક્ષણોના કિસ્સામાં કાર્યકારી સ્ટાફને ક્લિનિકલ સારવાર માટે નજીકની COVID સારવાર સુવિધામાં મોકલવાના રહેશે.
- કર્મચારીઓ લંચ માટે તંત્ર દ્વારા આપવામાં આવેલ સોશિયલ ડિસ્ટન્સના નિયમોનું સખત પાલન કરવાનું રહેશે અને સિક્યુરિટી ગાર્ડ અને મેસ સ્ટાફ દ્વારા ડાઇનિંગ હોલમાં વિદ્યાર્થીઓની સંખ્યા પર નજર રાખવાની રહેશે.
- કર્મચારીઓને તેમના સ્વાસ્થ્યની સ્વ-દેખરેખ રાખવા માટે પણ તકેદારી રાખવીજોઇશે.

## e. એન્ટ્રી /એક્ઝીટ ગેટ પર લેવામાં આવતા સલામતીનાં પગલાં:

I. થર્મલ સ્કેનરો, સેનિટાઈઝર, ફેસ માસ્કની પૂરતી વ્યવસ્થા રિસેપ્શન એરિયા સહિતના તમામ એન્ટ્રી અને એક્ઝીટ પોઇન્ટ પર ઉપલબ્ધ કરાવવાની રહેશે.

II. એન્ટ્રી ગેટ પર ભીડને ટાળવી અતિ આવશ્યક છે. વિવિધ પ્રોગ્રામ્સ માટે મર્યાદિત સંખ્યામાં એન્ટ્રી /એક્ઝીટ માટે નિર્ધારિત સમયનું પાલન કરવું જરૂરી છે.

III. હોસ્ટેલ કેમ્પસની એન્ટ્રી /એક્ઝીટ પર લાઈનની વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે ગેટ પર ૬ ફુટના અંતર સાથે ચોક્કસ નિશાનો બનાવવા અને તેનું પાલન કરવું.

IV. જો સંસ્થામાં એન્ટ્રી /એક્ઝીટ માટે એક કરતા વધુ ગેટ છે તો ભીડ ન થાય તે માટે તમામ ગેટનો પૂરતી કાળજી સાથે ઉપયોગ કરવો.

V. વિદ્યાર્થીઓના એન્ટ્રી /એક્ઝીટ પર દેખરેખ રાખવી.

VI. વિદ્યાર્થીઓ, સ્ટાફ અને કર્મચારીઓની સ્ક્રીનીંગ, ફેસ માસ્ક પહેરીને, હાથનું સેનિટાઈઝિંગ વગેરે દરેક પ્રવેશ સ્થળોએ સુનિશ્ચિત કરવું આવશ્યક છે.

VII. તાવ, ખાંસી અથવા શ્વાસ લેવામાં તકલીફના લક્ષણો ધરાવતા લોકોને અંદર પ્રવેશવાની મંજૂરી આપવી નહીં.